# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी-वेरावलम्

## :: આચાર્યકક્ષામાં બાહ્ય વિદ્યાર્થીઓ માટેના પ્રવેશ/પરીક્ષાના નિયમો ::

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા સંસ્કૃત વિષય સાથે આચાર્ય કક્ષામાં બાહ્ય વિદ્યાર્થીઓના અભ્યાસ કરવા એનરોલ(પ્રવેશ) ના નિયમો નીચે મુજબના રહેશે.

૧) આચાર્ય પ્રથમવર્ષના સેમેસ્ટર–૧માં પ્રવેશ માટે લઘુત્તમ લાયકાત શાસ્ત્રી (BA) મુખ્ય વિષય **સંસ્કૃત સાથે પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.**

૨) આચાર્ય પ્રથમવર્ષમાં વિષયોની પસંદગી માટે નીચે મુજબનું માળખું તથા નિયમો પ્રમાણે પ્રવેશ લેવાનો રહેશે.

| | |
|---|---|
| પેપર–૧ | અનિવાર્ય સંસ્કૃત |
| **(મુખ્ય વિષય)**<br>પેપર–૨<br>પેપર–૩<br>પેપર–૪ | સાહિત્ય, પુરાણેતિહાસ, ધર્મશાસ્ત્ર, વેદ, ફલિત જયોતિષ, નવ્ય વ્યાકરણ, રામાનુજ વેદાંત, સ્વામીનારાયણ વેદાંત(જે.), સ્વામીનારાયણ વેદાંત(એસ.), નવ્ય ન્યાય, સર્વદર્શન.<br>**(કોઈપણ એક)**<br>**નોંધ :– જે વિદ્યાર્થી મુખ્ય વિષ્ય સાહિત્ય વિષય પંસદ કરે છે. તેને પેપર–૪ માં નાટયવર્ગ/ કાવ્યવર્ગ/ અલંકારવર્ગ/ ધ્વનિવર્ગ માંથી કોઈપણ એક વર્ગ પસંદ કરવાનો રહેશે.** |
| **(ગૌણ વિષય)**<br>પેપર–૫ | સાહિત્ય, પુરાણેતિહાસ, ધર્મશાસ્ત્ર, વેદ, ફલિત જયોતિષ, નવ્ય વ્યાકરણ, સર્વદર્શન. **(કોઈપણ એક)** |

૩) આચાર્યકક્ષામાં મુખ્ય વિષય (C.C.) એટલે કે પેપર નંબર–૨, ૩ અને ૪ માં કોઈ એક જ વિષય(શાસ્ત્ર) પસંદ કરવાનું રહેશે. **જે બદલી શકાશે નહી.** તેમજ મુખ્ય વિષય તરીકે પસંદ કરેલ વિષય ગૌણ વિષયમાં પસંદ કરી શકશે નહી.

૪) આચાર્યકક્ષામાં ગૌણ વિષય (C.E.) એટલે કે પેપર નંબર–૫ ઉપરોકત યાદીમાંથી જ કોઈ એક વિષય પસંદ કરવો. પસંદ કરેલ વિષય વિદ્યાર્થી ઈચ્છે તો સેમેસ્ટર–૩ માં બદલી શકશે. જેની જાણ યુનિવર્સિટીને અલગથી કરવાની રહેશે. અન્યથા બંને વર્ષે એક જ વિષય રાખી શકશે.

૫) જે–તે શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થી જે ડીગ્રી અભ્યાસક્રમમાં એનરોલ(પ્રવેશ) મેળવે છે ત્યારબાદ તે ડીગ્રી અભ્યાસક્રમના નિયત સમયગાળા બાદ ૦૨ વર્ષ સુધીનો સમય મળશે. ત્યારબાદ જો વિદ્યાર્થી કોઈ સેમેસ્ટરમાં નાપાસ હશે તેવામાં તેણે નિયમાનુસાર રી–રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જે પરીક્ષા માટે રી–રજીસ્ટ્રેશન વિદ્યાર્થી કરે ત્યારે જે અભ્યાસક્રમ ચાલતો હશે તેના નિયમાનુસાર પરીક્ષા આપવાની રહેશે તથા રી–રજીસ્ટ્રેશનની અવધિ ૦૨ વર્ષની રહેશે. જો રી–રજીસ્ટ્રેશનના સમયગાળામાં પણ અભ્યાસક્રમ પૂર્ણ ના કરી શકે તો તેમણે પ્રવેશ ફરીથી લેવાનો રહેશે.

ઉદા. આચાર્ય કક્ષામાં ૨૦૨૩ માં પ્રવેશ લેનાર માટે આચાર્ય–૧(૨૦૨૩–૨૪), આચાર્ય–૨(૨૦૨૪–૨૫) ત્યારબાદ વર્ષ:૨૦૨૫–૨૬ અને ૨૦૨૬–૨૭ સુધી બે વર્ષ વધુ પ્રયત્ન માટે આપવામાં આવશે. તેમ છતા જો વિદ્યાર્થી પાસ નહી થાય તો તેમણે નિયમાનુસાર રી–રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૬) વિદ્યાર્થીઓએ પોતાના વિષયના સ્વાધ્યાયકાર્યો (Assignment) યુનિવર્સિટીની વેબસાઈટ પરથી સમયસર મેળવવાની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. નિયત સમયમાં યુનિવર્સિટીની વેબસાઈટ પર સ્વાધ્યાયકાર્યો અપલોડ કરવામાં આવશે.

૭) બાહ્ય વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી ટાઈમ ટેબલ, પરીક્ષા રિસીપ્ટ, માર્કશીટ અને ડિગ્રી જ તેમના ઘરના સરનામાં ઉપર મોકલવામાં આવશે, **અન્ય બાબતો માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઈટ સંમયાતરે જોવાની રહેશે.**

૮) પ્રથમ વખત જે–તે કક્ષામાં વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા બાદ જરૂરી ફોર્મ જેવા કે, આગળના સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ, ટાઈમ ટેબલ, પરીક્ષાની તારીખો, ડિગ્રી ફોર્મ, પુનઃમુલ્યાંકન/પુનઃચકાસણીના ફોર્મ, માઈગ્રેશન મેળવવાનું ફોર્મ, નામ સુધારા કે વિષય સુધારાનું ફોર્મ, અભ્યાસક્રમ કે અન્ય આનુષંગિક ફોર્મ કે અરજીના નમૂના યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મેળવી આગળની પ્રક્રિયા કરવાની રહેશે.

૯) દરેક શૈક્ષણિક વર્ષે બાહ્ય (એક્સ્ટર્નલ) વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરવાનો સમયગાળો અંદાજીત નીચે મુજબનો રહેશે.

| કક્ષા | સેમેસ્ટર | મહિનો |
|---|---|---|
| આચાર્ય કક્ષા | ૧ / ૩ | જુલાઈ/ઓગષ્ટ માસમાં |
| આચાર્ય કક્ષા | ૨ / ૪ | જાન્યુઆરી/ફેબ્રુઆરી માસમાં |

**આચાર્ય કક્ષાના શૈક્ષણિક વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મેળવી ભરી મોકલી આપવાના રહેશે.**

૧૦) બાહ્ય વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફીનું માળખું :: (વર્ષ:૨૦૨૧ થી અમલમાં આવેલ)

| ક્રમ નંબર | કક્ષાનું નામ | ફીનું ધોરણ |
|---|---|---|
| ૦૧. | આચાર્ય કક્ષામાં સેમેસ્ટર દિઠ | ૧૨૫૦/– |
| ૦૨. | આચાર્ય કક્ષા સેમેસ્ટર દિઠ રિપીટર વિદ્યાર્થીઓ માટે | ૧૨૫૦/– |
| ૦૩. | આચાર્ય કક્ષા સેમેસ્ટર દિઠ લેઈટ ફી | ૫૦૦/– |

**૧૧) બાહ્ય (એક્ષ્ટર્નલ) વિદ્યાર્થીઓ રેગ્યુલરમાં ટ્રાન્સફર થઈ શકશે નહિ.**

**૧૨) બાહય વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રોની પસંદગી માટેની સૂચિ : (કોઈ પણ એક પરીક્ષા કેન્દ્ર પસંદ કરશો).**

| ક્રમ | પરીક્ષાકેન્દ્ર (મહાવિદ્યાલય) નું નામ | કોડ નંબર |
|---|---|---|
| ૧ | શ્રી અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય, અંબાજી | 0801 |
| ૨ | શ્રી બ્રહ્મર્ષિ  સંસ્કૃત મહાવિદ્યાલય, નડીયાદ | 0701 |
| ૩ | શ્રી વિ.ઠા.ચોકસી સૂર્યપુર સંસ્કૃત મહાવિદ્યાલય,સુરત | 0504 |
| ૪ | શ્રી વરતંતુ  સંસ્કૃત મહાવિદ્યાલય,સોલા, અમદાવાદ | 0110 |
| ૫ | શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલીત સંસ્કૃત કોલેજ,વેરાવળ | 1122 |
| ૬ | શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય,શ્રી સાંદીપની વિદ્યાનિકેતન,પોરબંદર, | 2501 |
| ૭ | BAPS સ્વામીનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર | 3201 |

૧૩) **પાસ થવા માટેનું ધોરણ :** બાહ્ય વિદ્યાર્થીઓએ સેમેસ્ટર પધ્ધતિમાં તમામ કક્ષામાં દરેક પ્રશ્નપત્ર દીઠ પાસ થવા માટે ૪૦% ગુણ મેળવવા ફરજીયાત છે. જેમાં યુનિવર્સિટી દ્વારા લેવાતી થીઅરી પરીક્ષામાં ૭૦માંથી ૨૮ ગુણ અને સ્વાધ્યાયકાર્યોમાં ૩૦માંથી ૧૨ ગુણ મેળવવા ફરજીયાત રહેશે.

**૧૪) નોકરીમાં ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓએ સંસ્થાના વડાનું "ના વાંધા પ્રમાણપત્ર" ફોર્મ સાથે આપવાનું રહેશે. તથા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયમાં  અધ્યાપન કરાવતા અધ્યાપકશ્રીઓ માટે પરીક્ષા  કેન્દ્ર વેરાવળ રહેશે.**

૧૫) બાહ્ય વિદ્યાર્થીઓએ અન્ય બાબતોની માહિતી માટે યુનિવર્સિટીના ફોન નંબર:૦૨૮૭૬–૨૪૪૫૩૨/૨૮ (ઓફીસના કામકાજના દિવસોમાં) ઉપર સંપર્ક કરવાનો રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ ગીર સોમનાથ

## :: સ્વાધ્યાયકાર્યો (Assignment) ના નિયમો ::

૧) તમામ પ્રશ્નપત્રોના સ્વાધ્યાયકાર્યો પરીક્ષા કેન્દ્ર ઉપર પ્રથમ પેપરના દિવસે પરીક્ષા સમયથી એક(૦૧) કલાક વહેલા જઈ પ્રધાનાચાર્યશ્રીને જમા કરાવી પરીક્ષા રિસીપ્ટમાં જમા લેનાર અધ્યાપકશ્રીની સહી લેવી ફરજીયાત રહેશે. **જો સ્વાધ્યાયકાર્યો જમા કરાવશે નહી, તો પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી,** તથા અધુરા/અપૂર્ણ વિગતોવાળા સ્વાધ્યાયકાર્યોનું મુલ્યાંકન કરવામાં આવશે નહી અને તેનું પરિણામ રદ થશે.

૨) આપના વિષયના તમામ સ્વાધ્યાયકાર્ય પરીક્ષા કેન્દ્ર ઉપર જમા કરાવેલ નહી હોય તો યુનિવર્સિટીના નિયમોનુસાર પરીક્ષામાં બેસવા દેવામાં નહી આવે.

૩) આચાર્ય કક્ષાના વિદ્યાર્થીએ દરેક વિષયદીઠ એક(૦૧), ૩૦ ગુણનું કુલ– ૦૫ સ્વાધ્યાયકાર્ય છે. જેની જાણ યુનિવર્સિટીની વેબસાઈટ www.sssu.ac.in ઉપર કરવામાં આવશે. જે સંમયાતરે જોતા રહેવાનું રહેશે.

૪) દરેક સ્વાધ્યાયકાર્ય વિષય વસ્તુને અનુરૂપ(૩૦ ગુણ) લઘુત્તમ ૨૦ પૃષ્ઠનું અને એક પૃષ્ઠમાં લઘુત્તમ ૨૦૦ શબ્દોમાં લેખિતમાં મોકલવા અનિવાર્ય છે.

૫) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે શાસ્ત્રીકક્ષા સેમેસ્ટર–૧માં ઉત્તરની ભાષા સંસ્કૃત સાથે ગુજરાતી તથા હિન્દી ભાષાથી પરીક્ષામાં લખાણ લખી શકશે. જ્યારે શાસ્ત્રીકક્ષા સેમેસ્ટર–૨ થી ૬ અને આચાર્યકક્ષા સેમેસ્ટર–૧ થી ૪માં વિદ્યાર્થીઓએ પેપર તથા સ્વાધ્યાયકાર્યો સંસ્કૃત ભાષામાં લખવાનાં રહેશે અન્યથા મુલ્યાંકન કરવામાં આવશે નહી અને રદ ગણાશે.

૬) **દરેક સ્વાધ્યાયકાર્ય પેપરનંબર તથા વિષય પ્રમાણે અલગ–અલગ બનાવવું તથા તમામ સ્વાધ્યાયકાર્યોને એક ફાઈલમાં સુવ્યવસ્થિત રાખી જમા કરાવવાના રહેશે. જુદી–જુદી ફાઈલ બનાવવી નહી.**

૭) દરેક સ્વધ્યાયકાર્ય ઉપર સ્વાધ્યાકાર્ય વિગતપત્રક (મુખપૃષ્ઠ) તથા જે–તે વિષયનું લખેલ પ્રશ્નપત્ર સામેલ રાખવું ફરજીયાત છે. સ્વાધ્યાકાર્ય વિગતપત્રક (મુખપૃષ્ઠ)ની વિગત અધુરી ભરેલ હશે અથવા તો દરેક સ્વાધ્યાયકાર્ય ઉપર સ્વાધ્યાકાર્ય વિગતપત્રક (મુખપૃષ્ઠ) રાખેલ નહી હોય અથવા તો પ્રશ્નપત્ર સામેલ રાખેલ નહી હોય તે સ્વાધ્યાયકાર્ય આપો–આપ રદ થઈ જશે જેની તમામ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. જે બાબતોની જાણ કરવામાં આવશે નહી.

૮) સ્વાધ્યાયકાર્ય સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં વિદ્યાર્થીએ સ્વ–લેખિત લખવાના રહેશે. જો સ્વાધ્યાયકાર્યના અક્ષરોમાં ભિન્નતા જોવા મળશે ત્યારે તે સ્વાધ્યાયકાર્યનું મુલ્યાંકન કરવામાં આવશે નહી તેમજ સાથે જોડેલ પ્રશ્નપત્રથી ભિન્ન સ્વાધ્યાયકાર્ય હશે તો તેનું મુલ્યાંકન કરવામાં આવશે નહી અને યુનિવર્સિટી નિયમાનુસાર રદ કરશે.

૯) સ્વાધ્યાયકાર્ય સંબંધિત ઉપરોકત તમામ સુચનોનું પાલન કરવામાં નહી આવે તો યુનિવર્સિટી રદ કરેલ સ્વાધ્યાયકાર્યો પરત કરશે નહી તથા તે અંગેની કોઈપણ જાણ કરવામાં આવશે નહી. તેમજ ફરીથી સ્વાધ્યાયકાર્યો લખવાના રહેશે.

૧૦) સ્વાધ્યાયકાર્ય બાબતે કોઈપણ પ્રકારની રજુઆત કરવાની હોઈ તો વિદ્યાર્થીએ પરીણામ વેબસાઈટ ઉપર જાહેર થયાના દિન–૩૦માં કરવાની રહેશે. ત્યારબાદ કોઈ પ્રકારની રજુઆતને ગ્રાહય રાખવામાં આવશે નહી.

૧૧) સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થશે તો તેવા વિદ્યાર્થીઓએ સ્વાધ્યાયકાર્ય પુનઃ જમા કરાવતી વખતે દરેક સ્વાધ્યાયકાર્ય દીઠ રૂા.૧૦૦/– ફી ભરવાની રહેશે

**વિશેષ નોંધ :: યુનિવર્સિટી દ્વારા ભવિષ્યમાં અમલમાં આવનાર તમામ નિતી–નિયમો બંધનકર્તા રહેશે.**

External-Admission/2023-24

Shree Somnath Sanskrit University,
Rajendra Bhuvan Road,
Veraval – 362 266, Dist. – Gir Somnath. (Gujarat)
Ph.No. (02876) 244532/28
E-Mail : sssu.exam@gmail.com
Web-Site : www.sssu.ac.in

(ડો. દશરથ જાદવ)
કુલસચિવ